४(४)

ગુજરાત સમાચાર

તા. ૯/૯/૦૬

# સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના. સુરત નં. ૫૬ (બમરોલી)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ ૪૨ (૧) અને અધિનિયમનાં નિયમો- ૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : નગર રચના યોજના સુરત નં. ૬ (મજુરા-ખટોદરા) તથા ખાડીની હદ

દક્ષિણે : ૪૫.૦૦ મી.ના રસ્તાની હદ તથા મોજે બમરોલીનો બાકીનો ભાગ

પૂર્વે : નગર રચના યોજના, સુરત નં. ૨ (ઉધના)ની હદ

પશ્ચિમે : નગર રચના યોજના, સુરત નં. ૨૮ (અલથાણ-ભટાર) તથા ખાડીની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધના વાંધા / સૂચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત<br>
તા. ૮/૯/૨૦૦૬

કમિશ્નર<br>
સુરત મહાનગરપાલિકા

ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિ તા. ૫-૯-૦૬ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૨૪-૦૭-૨૦૦૬ના પત્ર નં. સી.મી.સ/૮/૧૩થી વિદિત થઇ, સાઉથ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૬ (બમરોલી)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨ (૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજયપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિદ્ધ કર્યાની તારીખથી એક માસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો મેળવવા તથા આવેલ વાંધા/સુચનો ધ્યાને લઇ ઉપરોક્ત કાયદાની જોગવાઇઓ મુજબ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાને સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુષંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૩૮/૨૦૦૬ મંજુર

નં. પીઆરઓ/૨૬૧/૨૦૦૬-૦૭<br>
તા. ૮/૯/૦૬

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૫૬(ભમરોલી)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમનાં નિયમો - ૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : નગર રચના યોજના સુરત નં. ૬ (મજુરા-ખટોદરા) તથા ખાડીની હદ
દક્ષિણે : ૪૫.૦૦ મી.ના રસ્તાની હદ તથા મોજે ભમરોલીનો બાકીનો ભાગ
પૂર્વે : નગર રચના યોજના, સુરત નં. ૨ (ઉધના)ની હદ
પશ્ચિમે : નગર રચના યોજના, સુરત નં. ૨૮ (અલથાણ - ભટાર) તથા ખાડીની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાનાં દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધના વાંધા / સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સહી/-
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત
તા. ૮/૯/૨૦૦૬

ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિ તા. ૫-૯-૦૬ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

*********

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૨૪-૭-૦૬ના પત્ર નં. સી.પી.સ./૮,૧૩ થી વિદિત થઇ સાઉથ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૫૬(ભમરોલી)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજ્યપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી એક માસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો મેળવવા તથા આવેલ વાંધા/સુચનો ધ્યાને લઇ ઉપરોક્ત કાયદાની જોગવાઈ મુજબ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાને સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુષાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

નં.પીઆરઓ/૨૬૧/૨૦૦૬-૦૭
તા. ૮/૯/૦૬

ઠરાવ નં. ૩૮/૨૦૦૬ મંજૂર